**Research Review** **ISSN: 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **Aug. 2020, Year - 7 (88)**
**www.researchreviewonline.com** **Paper ID : RRJ359648**

# “નિરર્થક પ્રલયની કવિતા - આને તે કહે કોઈ પાણી ?

**સંશોધક**
**ડૉ.સમીર ભટ્ટ**
**સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ, ગાંધીનગર**

---

યારો, જીવનના અવનવા અજબ ગજબના મર્મો ખોલી આપતા, માનવ જીવનનું રહસ્ય ચપટીમાં ઉકેલવાનો દાવો કરતા ચિંતક ભાઈલોગ પણ હંમેશા કહે છે કે મનુષ્ય માટે સૌથી મહત્વની ચીજ હોય તો તે સંવેદન શીલતા . સાચો મનુષ્ય એ કહેવાય કે જેની સંવેદના સીમિત ન હોય..... તે બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થાય.....વળી આ સુખ દુઃખની વાત જવા દઈએ તો પણ માનવની સંવેદના એટલી વિસ્તરેલી હોવી જોઈએ કે જગતના કોઈ પણ ખૂણે બનતો બનાવ યતાતથ સ્વરૂપે તે અનુભવી શકે......”માણસ” બનવા માટેની આ અનિવાર્ય શરત.

પાણી. જીવનને પોષક તત્વ. જળ છે તો જીવન છે. જળ વિના જીવન અસંભવ, જળની કટોકટી એટલે જીવન પરનું મોટામાં મોટું સંકટ. આ જીવનને પોષક, જીવવા માટે અનિવાર્ય એવું જળ આપણાંથી થોડે દુર એનું રૌદ્ર સ્વરૂપ બતાડી રહ્યું છે. સૂરત......સોનાની મૂરત....એના હાલ બગડી રહ્યા છે. આ લખાય છે ત્યારે થોડું વધુ નજીક આવી મહીસાગરના કાંઠા છલક છલક થઈ રહ્યા છે. અનેક ગામમાં પાણી ફરી વળ્યાં છે. કુદરત રૂઠી છે. લોકો છાપરા પર કે બીજે માળે બેસી પાણી ઓસરે એની રાહ જુએ છે. એક બાજુ ચોમેર પાણી છે અને બીજી બાજુ પીવાના પાણીની અછત છે, માનવો કંપી રહ્યા છે અને માણસોમાં અનુકંપા જાગી છે. ગમે ગામથી લોકો માણસ હોવાની પ્રતીતિ કરાવી રહ્યા છે. સહાયના ધોધ વહી રહ્યા છે, આ લખાય છે ત્યારે આવું બધું બની રહ્યું છે. તહેવારો સહેજ બેસ્વાદ લાગી રહ્યા છે. સલામત સ્થળે બેઠેલા ને સલામત સ્થળે વસતા લોકો ચર્ચા કરી રહ્યાં છે, ટીકા કરી રહ્યાં છે વહીવટી તંત્રની ......બધા પાસે ગઈકાલ સાંજે અખબારે પીરસેલા સમાચારો છે... તેને આધારે જ દુર રહીને સલામત લોકો વહીવટી તંત્રની ટીકા કે પ્રસંશા કરી રહ્યા છે..... આ લખાય છે ત્યારે આવું બધું બની રહ્યું છે, પણ, આ વંચાશે ત્યારે કદાચ  આ બધું જ શમી ગયું હશે... જીવન પૂર્વવત થઇ ચુક્યું હશે.... પણ અત્યારે સૂરત કે મહીસાગરના કિનારે વસતાં માણસો શું અનુભવી રહ્યા હશે? તેમની આંખે આ આખો જળ પ્રલય કેવો હશે? દુર સલામત સ્થળે રહીને ચર્ચા કરવી એ એક વાત છે અને અનુભવ બીજી વાત......પણ એ અનુભવ આપણને કેવી રીતે થાય? તો, યારો, બોલો, ટીકા- પ્રસંશા નહી, સુખ-દુઃખના રોદણા નહી, સમસ્યા અને તેનો ઈલાજ નહી... આ અખો જળ પ્રલય એના રૌદ્ર સ્વરૂપે આખેઆખો સંવેદવો છે ગુજરાતી ભાષામાં? શબ્દો દ્વારા? એક ગુજરાતી કવિતામાં?



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-88-august-2020/RRJ359648

આને તે કહે કોઈ પાણી?
ન કોઈ સગપણ એને
આંગણાના કુવા સાથે
પાદર ના તળાવ સાથે
કે ગામના દર સાલના પેલા વરસાદ સાથે,
આ પાણી?
પરાયું, રઘવાયું, ભૂરાયું, આવ્યું આવ્યું
આ
છેક ઘરના પાણીયારા સુધી ઘુસી ગયું જનાવર ..... ઘુરકતું.
હોત જો કુતરું તો સોળ ઉઠાડ્યા હોત એની પીઠે એવા
સોટીએ સોટીએ ...... વાઉ વાઉ વાઉ વાઉ વાઉ
પણ એવો અવાજ કરતી તો ભાગી છૂટે છે
આખીય પોળની ઘરવખરી પિત્તળના ડરપોક કુતરા જેવી.
ને ઘુરકતું રહેતું આધું ઓરું આજ.
હોત જો એરુ ફણીધર નાગ, મણીધર
તો નમીને ધરત એની સામે ઘીનો દીવો ઝળહળ
ઝળહળત એના મસ્તકનો મણિ ને સામે પાણિયારે
દીવાની થરકત જ્યોત.... કામિની થરકતઝળહળ થરકત ઝળહળ ........
પણ અહીં તો ચળકે છે ફક્ત આની પર જેવી ભારેખમ સપાટી
પર અધ્ધર ને અધ્ધર તરતું આઠમના ચંદ્રનું અર્ધું પર્ધું શરીર.
આ આને કહે કોઈ પાણી?
ડાઘુઓનું ટોળું ઘેર અવાજ કરતું નીકળ્યું શેરીમાંથી
માગ મુકાવતું, મોતના અધિકારથી, જરાવારમાં બેસશે
ચોમેર્બા ઓટલાઓપર, બેસશે નિરાંતે વાટ જોતું,
જાણે કંટાળતું, પણ અડીંગો જમાવીને, ધીરજથી, નિરાંતે
ધીરા ધીરા ખીખીયાટા કરતું નફકરું કુતરું ..... ને વચ્ચે
અમે.
અમે
એકમેકથી અલગ કોરા કાગળ પર ઉધઈ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-88-august-2020/RRJ359648

કાણા પડી
ગઈ હોય ને વચ્ચે વ
ચ્ચે રહી ગયા હોય શ
બ્દો એવા અમે.

અમે છાપરે ઝાડ પર ટેકરી માથે નિશાળના પાકા મકાનને ત્રીજે માળે સરકારી હોડીઓમાં કામચલાઉ તરાપા પર ખીચોખીચ અમે આકાશનો એકાદ ખાંચો પંજામાં પકડી ઊંચા થવા બાવડાથી જોર કરતા ખીચોખીચ અમે દુરના છાપરે સાપ-સાપનું કકળાણ થતા શું છે-શું છે ની લાંબી બુમો મારીએ ને પડખે બેઠેલાની વાતો જ ખૂટી ગયાને કારણેને કંટાળાથી ચુપચાપ બેઠા રહીએ ...”

કવિતા : પ્રલય ,કવિ – સિતાંશુ યશશ્ચંદ્ર. પણ કવિતા હજુ પૂરી નથી થઇ. આરંભ જ થયો છે. પ્રલય અને તેનું રચાતું વાતાવરણ. એ વાતાવરણમાં ‘અમે’ એટલે આપણે. પછી આ ‘અમે’ વિચારે ચડે છે ને કવિતા જુદોજ વળાંક લે છે. આ પાણી અને તેની વધઘટ અને તેને માપતા ‘અમે’. પાણીની વધઘટ કેવી રીતે મપાય છે? જાણે કોઈ કુંવારકાને દહાડા રહી ગયા હોય અને પહેલા તો ખ્યાલ ન આવે અને પછી આખું ગામ જાણી જાય અને સાંજ સુધીમાં તો આખા ગામમાં એકમતી થઇ જાય કે આટલામો મહિનો હશે એવી ચોકસાઈથી દરેક છાપરે એકમતી છે.અહી જળ પ્રલય ગર્ભ જળ સાથે એકરૂપ થઈ જાય છે. આખી કવિતા છાપરા પર ‘અમે’ કરેલો વિચાર છે.પાપ-પુણ્ય સઘળું આ જલતત્વમાં સમાય છે.કાવ્યનાયક આ જળમાં તણાતી કઈ વસ્તુઓ બતાવે છે તે જુઓ-

“આ ભારેખમ પાણી પર બુદબુદ પરપોટા જેવા તરે છે નિશાળનું પાકું મકાન,પેલી ટેકરી પરનું મંદિર,પેલા ઝાડની ટોચ,આ ફાટેલા ડોળાવાળી તણાતી ભેંશ ,હાલકડોલક પવાલું, વહેતું કોઈનું પવાલું,પાણી વગરનું ખાલી પિત્તળનું ને ઘોડિયું લાકડાનું પણ ખાલી નહિ ને તરબોળ ઝોળીનું જંપી ગયેલું છોકરું છિનાળનું કે સતીનું સારું છે કે બોલતું નથી ઉંવા ઉંવા તો કષ્ટ પડત આ કાનને .... આતો બુડબુડ જરા પાણી પર જરા હલે ને જરાજરા ઝૂલે ..હિન્ચોલાય ઝોળી ને પોઢો પોઢો પ્રાણજીવન મારા ઝુલોઝુલો ને જગજીવન મારા ઝૂલે ઝૂલે છે પારણામાય ...”

તણાતી વસ્તુઓની આ યાદી છેવટે કરુનમાં પરિણામે ...ને છાપરા પરનો કાવ્યનાયક છેવટે કંટાળાના માર્યા વિચારો કરે.નિષિદ્ધ વિચારો,નકામાં વિચારો આ નામસરનામા વગરના પાણીને જોઇને...ચોતરફ જળ..છેક ગર્ભ જળ સુધી વિસ્તરેલું જળ .....કોણ ઉગારે? જુઓ-

“દયિતા, માતા રક્ષ રક્ષ રક્ષ
જળ વડે રક્ષ
જલથી રક્ષ
જળમાં રક્ષ –જળને રક્ષ .



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-88-august-2020/RRJ359648

રક્ષ રક્ષ નારી ..."

-નારી પોતાના જળમાં રક્ષી જન્મ આપે, ઉછેરે .....કાવ્યનાયકના વિચારો આગળ વધે. જન્મ પછી પાણી અને પછી વાણી ઉગે.પાણીની બુડાબુડ જેવા અવાજો પરથી જ વાણી સર્જાય છે. આમ, આ સામે આવેલા પ્રલયથી આરંભી જીવનચક્રમાં પરિણમતી આ કવિતાના અંતે ? જુઓ –

'છાપરા પર સલવાઈને બેઠો છું ને તરતા નથી આવડતું વાણીમાં . હેલીકોપ્ટર આવ્યું ફૂડપેકેટ ફેંકે છે ,દવાઓ,પીવાના પાણીની કોથળીઓ અને અમે? ખાઈએ છીએ,પીએ છીએ,લઈએ છીએ,ઉપરાંત છીએ,પાછા છીએ,જોકે છીએ,તેથી છીએ,વળી છીએ,દવા લો કાકા સારું લાગશે હેલીકોપ્ટર ફેંકી છે દવા .શરદી મટતી નથી અને પાણીની વચ્ચે છીએ ....બસ.'

કવિતા પૂરી. કવિતાના જાણભેદુઓ હંમેશ કહે છે કે કવિતા અનુભૂતિની ચીજ છે.કવિતામાં જીવનનું પ્રતિબિંબ પડવું જોઈએ.કવિતામાં જીવનની અજાણી બાજુ પ્રગટવી જોઈએ.કવિતા કેવળ વર્ણન નહી પણ વર્ણનથી દર્શન સુધી પહોચવી જોઈએ.કવિતામાં સમસ્યાનું સમાધાન ન હોય પણ સમસ્યામાં ડૂબેલ સંવેદના અને તેનું સૌન્દર્ય પ્રગટવું જોઈએ.કવિ દ્રષ્ટા છે, સ્રષ્ટા છે.જીવનની નોખી નોખી અનુભૂતિ કરાવે ..જીવનની જુદી જ સમજણ આપે....આ કવિતા જીવનની નવી જ સમજણ આપે છે.

નિરર્થકતાનો પ્રલય અહી કલાત્મકતાથી પ્રગટ્યો છે માટે આ કવિતા ગુજરાતી સાહિત્યની એક મહત્વની રચના બની રહે છે.